

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)



પાલનપુર નજીક આવેલ યાત્રાધામ બાલારામ મહાદેવ ખાતે ગુજરાત રાજ્યના અને રાજસ્થામાંથી શિવભક્તો મોટી સંખ્યામાં દર્શનાર્થે ઉમટી પડ્યા હતા. ગુજરાતના કાશ્મીર ગણાતા બાલારામ ખાતે લીલી વનરાજી અને શિવાલય પર્વતમાંથી સિધે સીધું પાણીનું ઝરણું ડાયરેક્ટ શિવલીંગ ઉપર પડવાથી સ્વયંભુ જલાભિષેક થાય છે.

# ધનસુરા રેફરલ હોસ્પિટલમાં સ્ટાફના અભાવે દર્દીઓ પરેશાન

ધનસુરા, તા. ૨૭

ધનસુરા રેફરલ હોસ્પિટલમાં છેલ્લા ત્રણ માસથી લેબોરેટરી ટેકનિશનય અને ડોક્ટરોના અભાવે સારવાર માટે આવતા દર્દીઓ ભારે મુશ્કેલી અનુભવી રહ્યા છે. અને સત્વરે હોસ્પિટલમાં જરૂરી સુવિધાઓ ઉભી કરવા માંગ કરી રહ્યા છે.

ધનસુરા તાલુકામાં એક માત્ર સરકારી રેફરલ હોસ્પિટલ આવેલી છે. જ્યાં દરરોજ આસપાસના ગ્રામ્ય વિસ્તારમાંથી મોટી સંખ્યામાં દર્દીઓ સારવાર માટે આવી રહ્યા છે. પરંતુ છેલ્લા ત્રણ માસથી ડોક્ટરો અને લેબોરેટરી ટેકનિશિયનના અભાવે કલાકો સુધી રાહ જોવી પડે છે. તો કેટલા ડોક્ટરો ડેપ્યુટેશન પર જતા અમુક ડોક્ટરો ૧૫ દિવસો- હોસ્પિટલમાં માત્ર આટાફેરા માટે આવે છે. જરૂરી મેડીકલ સેવા માટે આવતા દર્દીઓ હોસ્પિટલની સેવાથી ભારે પરેશાન થઈ ગયા છે અને તુરંત સેવાઓ યોગ્ય બનાવવા આરોગ્ય વિભાગ સમક્ષ માંગ કરી રહ્યા છે.

# ડીસા વિધાનસભા પેટા ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર લેબજી ઠાકોરે વિજયના વિશ્વાસ સાથે ઉમેદવારીપત્ર ભર્યું

## શુભમ પાર્ટી પ્લોટ ખાતે વિશાળ કાર્યકર્તા સંમેલન યોજાયું

પાલનપુર, તા. ૨૭

ડીસા વિધાનસભાની પેટા


(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર લેબજીજી ચમનજી ઠાકોરે આજે વિજયમુહુર્તમાં પોતાનું ઉમેદવારીપત્ર રજુ કર્યું હતું. ઉમેદવારી પત્ર રજુ કરતી વેળાએ તેમની સાથે સાંસદ લીલાધરભાઈ વાઘેલા, હરીભાઈ ચૌધરી, પૂર્વ સાંસદ નટુજી ઠાકોર, જિલ્લા ભાજપ પ્રમુખ અને દિયોદર ધારાસભ્ય કેશાજી ચૌહાણ, માર્કેટ સમિતિના ચેરમેન માવજીભાઈ દેસાઈ, મગનલાલ માળી વિગેરે અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ડીસા વિધાનસભાની પેટા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારનો જંગી લીડથી વિજય થાય તે માટે જિલ્લાભરના કાર્યકરોનું વિજય વિશ્વાસ કાર્યકર્તા સંમેલન યોજાયું હતું. જેને સંબોધતાં જિલ્લાના પ્રભારીમંત્રી રમણભાઈ વોરાએ જણાવ્યુંહતુંકે રાજયની તમામ સીટોની પેટા ચૂંટણીઓમાં ડીસા વિભાગની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી સૌથી વધુ મતોથી જીતશે તેવો મને વિશ્વાસ છે. પાટણના સાંસદ લીલાધરભાઈ વાઘેલાએ સૌ કાર્યકરોને ખભેખભા મિલાવી આ જંગમાં જોતરાઈને ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર શ્રી લેબજી ઠાકોરને જંગી મતોથી વિજયી બનાવવા હાકલ કરી હતી. જિલ્લાના સાંસદ હરીભાઈ ચૌધરીએ પણ ભાજપના ઉમેદવાર જંગી મતોથી જીતશે તેવો આશાવાદ વ્યકત કર્યો હતો. ડીસા બેઠકના ઉમેદવાર લેબજી ઠાકોરે તેમના જેવા એક નાના કાર્યકરને પસંદ કરતા ભારતીય જનતા પાર્ટી અદના કાર્યકરોની પાર્ટી છે તેવું જણાવીને પાર્ટીના સૌ મોવડીઓનો આભાર વ્યકત કરતાં જણાવ્યું હતું કે નરેન્દ્રભાઈ મોદીએ સિંચેલા ગુજરાતના વિકાસમાં મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના સહયોગી થવા ખાત્રી ઉચ્ચારી હતી.

# ધનસુરામાં વાઈરલ ડિસિઝે માથુ ઉંચકયું

ધનસુરા, તા. ૨૭

ધનસુરા સહિત આસપાસના વિસ્તારમાં છેલ્લા ઘણા દિવસોમાં બેવડીઋતુના કારણે વાઈરલ ડિસિઝે માથુ ઉંચકયું છે. જેને લઈ હોસ્પિટલોમાં દર્દીઓનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે.

ધનસુરા પંથક સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં રહીશો ગરમી અને ઠંડી એમ બેવડી ઋતુનો અનુભવ કરી રહ્યા છે. વરસાદ બાદ ઠેર ઠેર કાદવ કિચડ અને ગંદકીને લીધે મચ્છરોનો ઉપદ્રવ વધતા રહીશો તાવ, ઝાડા, ઉલટી, માથુ અને પગ દુખવા તેમજ શરદીની ઝપેટમાં આવી ગયા છે. પરીણામે સરકારી અને ખાનગી હોસ્પિટલમાં દર્દીઓનો ધસારો થઈ રહ્યો છે.

# ખડોલમાં વીજ કરંટ લાગતા ભેંસનું મોત

ધનસુરા, તા. ૨૭

ધનસુરા સહિત આસપાસના વિસ્તારમાં વિદ્યુત બોર્ડની બેદરકારીના કારણે ચોમાસામાં વીજ કરંટ લાગવાના બનાવો વધવા લાગ્યા છે. ત્યારે ખુલ્લી ડી.પી.ના કારણે વધુ એક ભેંસનું મોત થવા પામ્યું છે.

ધનસુરા સહિત આસપાસના અનેક વિસ્તારમાં અનેક સ્થળે ખુલ્લી ડીપીઓ આવેલી છે. સામાન્ય રીતે ડી.પી.ની ફરતે તારની વાડ બનાવવી ફરજીયાત છે ત્યારે ધનસુરા વિસ્તારની મોટા ભાગની ડી.પી.ની હાલત ખુબ ખરાબ થઈ ગઈ છે. ડીપીના ખુલ્લા વીજ વાયરોને લીધે ચોમાસામાં વીજ કરંટ લાગવાના બનાવોમાં નોંધપાત્ર વધારો થવા પામ્યો છે. ત્યારે આજે ધનસુરાના ખડોલ છાપરા વિસ્તારમાં પશુ ભેંસને કરંટ લાગવાથી તેનું મોત થવા પામ્યું હતું.

# ધનસુરા સિનિયર સિટિઝનની વાર્ષિક બેઠક યોજાઈ

ધનસુરા, તા. ૨૭

ધનસુરા પ્રદેશ સિનિયર સિટિઝન ની વાર્ષિક સામાન્ય બેઠક ટ્રસ્ટના પ્રમુખ જયંતિલાલ શાહના અધ્યક્ષ સ્થાને બ્રહ્માણી માતા મંદિરે યોજાઈ હતી.

બેઠકના પ્રારંભે ટ્રસ્ટના મંત્રી વસંતભાઈ મહેતાએ સર્વે સભ્યોને આવકારી ટ્રસ્ટના વાર્ષિક હિસાબો અને ટ્રસ્ટની વિવિધ પ્રવૃત્તિઓ અંગે માહિતી આપી હતી. ઉપરાંત ૭૫ વર્ષની ઉપરના સભ્યોનું પણ વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. બેઠકના અંતે ટ્રસ્ટના પ્રમુખ તરીકે નવનીતભાઈ શાહ, મંત્રી તરીકે ધીરુભાઈ પટેલ અને સહમંત્રી પદે નરેન્દ્રભાઈ શાહની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

# પ્રવાસનધામ ઝાંઝરીના 'ભોગીયા ધરા'માં અત્યાર સુધીમાં ૨૫ વ્યક્તિઓ મોતને ભેટયા

## પ્રવાસીઓ નહાવા પડતા હોય છે અને મોતને ભેટે છે

મોડાસા, તા.૨૭

કહેવાય છે કે સુંદર ચીજ હંમેશા બેવફા જ હોય છે. આ કેહેવત કહેનારે જાણે સાચી જ કહેવત કહી હોય તેમ અરવલ્લી જીલ્લા ના બાયડ તાલુકા માં આવેલ ઝાંજરી માં આવેલા સુંદર ઝરણામાં મોહ થઈ અત્યાર સુધી કુલ ૨૫ લોકો મોત ને ભેટયા છે.ખેટલે કે પાણી ની સુંદરતામાં મોહ થઈ નહાવા પડતા લકોક મોત ને ભેટે છે.


(તસવીર : સમીર બલોચ, મોડાસા)

અરવલ્લી જીલ્લા ના બાયડ તાલુકા માં પ્રવાસનધામ તરીકે ગુજરાત નામના ધરાવતુ સુંદર અને




રમણીય ઝાંઝરી નો ધોધ આવેલો છે. સાથે એક સુંદર મંદિર પણ આવેલુ છે. એક વાર જોતા જ આંખ ના પલકારા માં ગમી જાય તેવુ આ સ્થળ છે અને મન ને અહિ આવતા ની સાથે જ જાણે એક અલગ જ શાંતીનો અહેસાસ થતો હોય તેવી આ જગ્યા છે. જેથી આ સ્થળે અમદાવાદ ગાંધીનગર અને ગુજરાત ભરમાં થી મોટી સંખ્યા માં પ્રવાસીઓ આવે છે. આ પ્રવાસીઓ ઝાંઝરી ના ધોધ થી આર્કષાઈ ને તેમાં નહાવા પડે છે. અને ડુબી જાય છે. જયારે આંબલીયારા પી.એસ.આઈ ભાવનાબેન પટેલ ના જણાવ્યા અનુસાર છેલ્લા ૧૫ એક વર્ષ માં આ ધોધ માં અત્યાર સુધી કુલ ૨૫ લોકો પાણી માં નહાવા પડવાને લઈ ને મૃત્યુ પામ્યા છે જયારે તંત્ર ધ્વારા આ જગ્યા એ આ ધોધ વિષે ચેતવણી આપતા સાઈન બોર્ડ પણ લગાવવામાં આવેલ છે પરંતુ પ્રવાસીઓ ધ્વારા આ ચેતવણી ની અવગણના કરી ને આ ધરા માં નહાવા પડે છે અને પરિણામ એ આવે છે મૃત્યુ પામે છે.

જયારે લોકો ને ધોધ સુધી લઈ જવા માટે લોકલ ગાઈડ અને ઉટ સવારી વાળા પણ લોકો ને સમજાવે છે કે આ જગ્યા જોખમી છે અને અહિ નહાવા ના પડતા છતા પણ લોકો ધ્વારા આ અંગે આખ આડા કાન કરવામાંઆવે છે પરંતુ લોકો ધ્વારા આ સુચનાઓ અને સાઈનબોર્ડ નો અમલ કરવામાં આવે તો કેટલીય જીંદગીઓ બચી શકે તેમ છે.

# મોડાસામાં આવેલ દેવરાજ મંદિરમાં ભાદરવી બીજના મેળામાં હજારો શ્રધ્ધાળુઓ ઉમટયા


(તસવીર : સમીર બલોચ, મોડાસા)

મોડાસા, તા.૨૭

અરવલ્લી જીલ્લા ના મોડાસા ત્શહરે માં આવેલ દેવરાજધામ મંદિર ખાતે આજે ભાદરવી સુદ બીજ નો મહામેળો ભરાયો હતો જેમાં હજારો ની સંખ્યા માં દર્શનાર્થી ઓ ઉમટી પડયા હતા.

અરવલ્લી જીલ્લા ના મોડાસા શહેર માં શહેર થી આશરે ૩કી.મી ના અંતરે આવેલ બાજકોટ ગામ માં દેવરાજ મંદીર આવેલુ છે. આ મંદિર માં દેવાયત પંડિત ની સમાધી અને રામદેવ જી મહારાજ નુ મંદિર આવેલુ છે. આ મંદિર માં દર વર્ષે ભાદરવી બીજ ના દિવસે મોટો મેળોલ ભરાય છે. જેમાં હજારો ની સંખ્યામાં આ મેળા માં ભકતો ઉમટી પડે છે. જયારે આજ થી ૭૫૦ વર્ષ પહેલા એવી કહેવત છે. કે કુવાશી ધરતી પર દેવાયત પંડિતે સમાધી લીધી હતી ખાના નદિમાં નીર નહિ હોય અને પાણી બંધા સે પાળે મારો સાયબો આવશે પુષ્પક વીમાનમાં અને ધરતી એ પુંજ સે ફુલો થી એ વખત દેવાયચત પંડિતે ભાખેલી ધવીષ્યવાણી આજે સાચી થતી દેખાઈ રહી હોય તેમ પાણી હાલ પાઉચ સ્વરૂપે પડીકે બંધાયુ છુ અને ફુડ પેકેટ સ્વારુપે ખાના બંધાયુ છે અને ડેમ સ્વરૂપે પાણી બંધા સે પાળે એ ભવિષ્યવાણી આજે સાચી દેખાઈ રહી છે.


ધાનેરા નજીકના થાવર ખાતે વજેપુરી મહારાજના સાનિધ્યમાં લઘુરૂદ્ર યજ્ઞ યાજોયો હતો. જેમાં મોટી સંખ્યામાં ભાવિકો ઉમટી પડ્યા હતા અને દર્શન કરી ધન્યતા અનુભવી હતી. (તસવીર : ભરતભાઈ પરમાર)


**પાલનપુરમાં દ્વારકાધીશના હિંડોળા...**

હાલ હિન્તુ સનાતન ધર્મમાં સર્વત્ર પ્રભુ ભકિતનો માહોલ જામ્યો છે... ત્યારે પાલનપુરના મોટી બજારમાં આવેલ પ્રભુ શ્રી દ્વારકાધીશજીની હવેલીમાં દરરોજ મુખિયાજી દ્વારા સુંદર કલાત્મક હિંડોળા તૈયાર કરવામાં આવી રહ્યા છે. જેના દર્શન માટે મોટી સંખ્યામાં ભાવિકો ઉમટી રહ્યા છે.

# પ્રાંતિજમાં ગણેશ મહોત્સવની સાથે વિવિધ સામાજિક કાર્યક્રમો યોજાશે

પ્રાંતિજ, તા. ૨૭

સાબરકાંઠાના પ્રાંતિજ શહેરમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ વિવિધ મંડળો દ્વારા ગણેશ મહોત્સવની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવશે જેમાં દરરોજ વિવિધ સામાજિક કાર્યક્રમો પણ યોજાશે.

પ્રાંતિજ શહેરમાં ચાલુ વર્ષે વિવિધ મંડળો અને આયોજકો દ્વારા ગણેશ ચતુર્થી નિમિત્તે વિવિધ સ્થળોએ ગણેશજીની સ્થાપના કરવામાં આવશે. પ્રાંતિજના રેલવે સ્ટેશન, ગુજરની પોળ, ખોડિયાર કુવા, ભોઈવાસ, પંડ્યાવાસ તથા નાની ભાગોળ, આંટીયાવાસ વિવિધ યુવક મંડળો દ્વારા ગણેશ મહોત્સવ યોજાશે. તા. ૨૯ મીના રોજ ગણપતિની વાજતે ગાજતે શોભાયાત્રા નિકળશે. જ્યારે સાંજે ગણેશજીની મૂર્તિની વિધિવત સ્થાપના કરવામાં આવશે.

મહોત્સવ દરમિયાન વિવિધ સામાજિક સંસ્થાઓ જાયન્ટ ગૃપ ગોલ્ડ દ્વારા સામાજિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં બે બાળકીના માતા-પિતાઓનું દેહદાન આપનાર વ્યક્તિઓનું સન્માન કરવામાં આવશે. ઉપરાંત સત્યનારાયણ કથા અને ભજન કીર્તન, સંતવાણી, હાસ્ય દરબાર અને રાસ-ગરબાનું પણ આયોજન કરવામાં આવ્યું છે.


આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

AGL Radhe

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦